GJVD190009762017

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭/૧૦/૨૦૧૭ |
| નોંધણી તારીખ | ૨૭/૧૦/૨૦૧૭ |
| ફેંસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ |
| | ૦૮ ૦૪ ૧૦ |

**મે. જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (પૂજા રાઠોર) સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ડેસર, જિ.વડોદરા.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રિમિનલ કેસ નંબર | ► | ૮૩૯/૨૦૧૭ | | આંક | ► | ૨૦ |

| ફરીયાદી | ▲ | આરોપી |
|---|---|---|
| શ્રી સરકાર | વિરૂધ્ધ ▼ | જયંતિભાઇ વિનુભાઇ નાયક<br>રહે. ચીખોદરા, તા.ગોધરા, જિ.પંચમહાલ |

| | | |
|---|---|---|
| ગુન્હો | ⇨ | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબનો... |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે | વિ.એ.પી.પી.શ્રી | જે.યુ. શેખ |
| આરોપી પક્ષ... તરફે | વિ.વકીલશ્રી | કોઇ હાજર નથી. |

## -: ચુકાદો :-

(૧) વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦, કલમ- ૩૭૯,૫૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓનો આક્ષેપ છે.

(૨) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તુલસીપુરા-વચ્છેસર વચ્ચે નર્મદા કેનાલ ઉપર તા.૧૫/૦૭/૨૦૦૪ ક.૩/૦૦ વાગ્યે ઈલેકિટ્રકના લોખંડના થાંભલાના ૧૮ ટૂકડા તથા ગેસ કટર બોટલ મળી કુલ રૂા. ૩૦,૦૦૦/-ની ચોરી કરી ગુનો કરેલો. આમ, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૩) આ કામના આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ ઈશ્યું કરવામાં આવેલ, પરંતુ કેસનું રેકર્ડ જોતાં આજદીન સુધી આરોપીને પ્રોસેસની બજવણી થયેલ નથી અને આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી જેથી આ બાબત ધ્યાને લઈ આરોપીને પ્રોસેસની બજવણી થતી ન હોય અને કામ લાંબા સમયથી પેન્ડીંગ હોય તે બાબત ધ્યાને લઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ- ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબ પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવો :-

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૨ | પંચ સંજયકુમાર ચંદ્રકાંત ધોબીનાઓની જુબાની |
| ૨ | ૦૪ | પંચ રાજુભાઈ ફતાભાઈ રાઠોડનાઓની જુબાની |
| ૩ | ૦૬ | પંચ હસમુખભાઈ પ્રતાપસિંહ સોલંકીનાઓની જુબાની |
| ૪ | ૦૭ | પંચ જાકીરભાઈ નીયાઝ મહંમદ જમાદારનાઓની જુબાની |
| ૫ | ૦૯ | પંચ જાહીરઅલી મજરઅલી જમાદારનાઓની જુબાની |
| ૮ | ૧૨ | સાહેદ રાકેશભાઈ મોહનભાઈ વસાવાનાઓની જુબાની |
| ૯ | ૧૩ | સાહેદ અંબુભાઈ મોહનભાઈ વસાવાનાઓની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૦ | ૧૪ | સાહેદ ઈશ્વરભાઇ ઝવેરભાઇ પટેલનાઓની જુબાની |
| ૧૧ | ૧૫ | સાહેદ અરવિંદભાઇ છત્રસિંહ રાઠોડનાઓની જુબાની |
| ૧૨ | ૧૬ | સાહેદ બળવંતભાઇ કાળુસિંહ સોલંકીનાઓની જુબાની |
| ૧૩ | ૧૮ | ત.ક.અ. જીવરાજભાઇ હીરાભાઇ પરમારનાઓની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૦૫ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૩ | ૦૮ | ગુનામા વપરાયેલ વાહનનું પંચનામું |
| ૪ | ૧૯ | ઝેરોક્ષ ફરિયાદ |

(૫) વધુમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કલોઝીંગ પુરસીસ રજુ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ અને આ સિવાય ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો તરફથી અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષ તરફે આરોપીના વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **<u>ક્રિમી. પ્રોસી. કોડની કલમ– ૩૧૪ અન્વ્યે પક્ષકારોએ કરેલ દલીલો.</u>**

ફરીયાદપક્ષ તર્ફે વિ. એ.પી.પી.શ્રી જે.યુ. શેખે દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ચોરીના ગુનો કરેલ છે. આ કામે આરોપી સામે જે કલમો મુજબના ગુનાના આક્ષેપ છે, તે મુજબનો પુરાવો દરેક સાહેદોએ રેકર્ડ પર આપેલ છે અને ફરીયાદપક્ષ તેઓએ તપાસેલા સાહેદોની જુબાની થકી આરોપીઓ સામેના ગુનાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે કોઇ હાજર નથી.

(૭) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

(૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપી તુલસીપુરા–વચ્છેસર વચ્ચે નર્મદા કેનાલ ઉપર તા.૧૫/૦૭/૨૦૦૪ ક.૩/૦૦ વાગ્યે ઈલેક્ટ્રિકના લોખંડના થાંભલાના ૧૮ ટૂકડા તથા ગેસ કટર બોટલ મળી કુલ રૂા. ૩૦,૦૦૦/–ની ચોરી કરી નાસતા ફરતા તા.૨૮/૦૭/૨૦૧૭ના રોજ પકડાઇ જઇ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## // કારણો //

<u>મુદ્દા નં.૧–</u>

(૯) ફરિયાદપક્ષ ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ મુખ્યત્વે ૩૭૯ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચર્યાનુ પુરવાર કરવાનું રહે છે તે સંજોગોમાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અન્વયે ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે કે આરોપીઓએ ફરિયાદપક્ષ ધ્વારા જણાવવામાં આવેલ કૃત્ય આચરી ભારતીય દંડ સહિંતા અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. ફરિયાદપક્ષ ધ્વારા કલમ–૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીઓ વિરૂધ્ધ પુરવાર કરવા માટે મુખ્યત્વે નીચે

જણાવેલ વિગતો પુરવાર કરવાની રહે છે.

*The Prosecution requiring to prove the ingredients are:*

- *There was a movable property;*
- *That the said movable property was in possession of person other than the accused;*
- *That the accused took out it or moved it out of the possession of said person;*
- *That the accused did it dishonestly i.e. with intention to cause wrongful gain to himself or wrongful loss to another;*

*That the accused took the movable property or moved it without the consent of the possessor of the movable property.*

(૧૦) ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ સંજયકુમાર ચંદ્રકાંત ધોબીનાઓને આંક– ૦૨થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલું હતુ તે તેઓએ વાંચેલું નહી. પોલીસે તેઓને કાગળમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ નહી. તેઓની રૂબરુમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે પંચનામું આંક– ૩થી રજૂ રાખેલ છે. તેઓને પંચનામાની વિગત વિશે કંઇ ખબર નથી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ રાજુભાઇ ફતાભાઇ રાઠોડનાઓને આંક– ૦૪થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલું હતુ તે તેઓએ વાંચેલું નહી. પોલીસે તેઓને કાગળમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ નહી. તેઓની રૂબરુમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે પંચનામું આંક– ૫થી રજૂ રાખેલ છે .

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ હસમુખભાઇ પ્રતાપસિંહ સોલંકીનાઓને આંક–૦૬થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલું હતુ તે તેઓએ વાંચેલું નહી. પોલીસે તેઓને કાગળમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ નહી. તેઓની રૂબરુમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને આંક– ૫ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ

મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ જાકીરભાઇ નીયાઝ મહંમદ જમાદારનાઓને આંક–૦૭થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલું હતુ તે તેઓએ વાંચેલું નહી. પોલીસે તેઓને કાગળમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ નહી. તેઓની રૂબરુમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને આંક– ૮ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને પંચનામાની વિગત વિશે કંઇ ખબર નથી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૪)** ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ જહીરઅલી મજરઅલી જમાદારનાઓને આંક–૦૯ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળ ઉપર તેઓની સહી કરાવેલી. તે કાગળમાં શું લખેલું હતુ તે તેઓએ વાંચેલું નહી. પોલીસે તેઓને કાગળમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ નહી. તેઓની રૂબરુમાં પોલીસે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને આંક– ૩ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષ દ્વારા સાહેદ રાકેશભાઇ મોહનભાઇ વસાવાનાઓને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓને કાંઇ ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષ દ્વારા સાહેદ અંબુભાઇ મોહનભાઇ વસાવાનાઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓને કાંઇ ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષ દ્વારા સાહેદ ઈશ્વરભાઈ ઝવેરભાઈ પટેલનાઓને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓને કાંઈ ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષ દ્વારા સાહેદ અરવિંદભાઈ છત્રસિંહ રાઠોડનાઓને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓને કાંઈ ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૯) ફરીયાદપક્ષ દ્વારા સાહેદ બળવંતભાઈ કાળુભાળઈ સોલંકીનાઓને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આઠ–દસ

વર્ષ અગાઉ પોલીસે તેઓ જી.આર.ડી.માં નોકરી કરતા હોય, કોઈ વ્યકિતએ વિદ્યુત બોર્ડના પોલ કાપેલા હોય તે બાબતે તેઓની સહી કરાવેલી. તે સિવાય તેઓ કઇ જાણતા નથી. તેઓએ પાંડુ પોલીસ લાઇનમાં લોખંડના કટકા જોયેલા જે આશરે દસેક જેટલા હતા. પોલીસે તેઓની કોઇ પૂછપરછ કરેલી નહી. આરોપીને તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૨૦)** ફરીયાદપક્ષ દ્વારા ત.ક.અ. જીવરાજભાઇ હીરાભાઇ પરમારનાઓને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૧૫/૦૭/૨૦૦૪ના રોજ તેઓ સાવલી પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતા. તે દિવસે તેઓની નોકરી નાઈટ પેટ્રોલિંગની હતી. તેઓની સાથે પોલીસ સ્ટાફના માણસો ઈમેન્યુઅલભાઈ તથા જી.આર.ડી.ના માણસો અને પોલીસ ડ્રાઈવર સાથે હતા. તે સમયે નાઈટમાં કોઈ વ્યકિતને તેઓને મોબાઈલ કરેલ વચ્છેસર–તુલસી ગામ વચ્ચે ઈલેકટ્રીક વાયરના થાંભલાઓ કપાય છે. જેથી તેઓ એ તરફ ગાડી લઈને ગયેલા તો ત્યાં કેનાલ ઉપર થાંભલા પડેલ હતા અને આરોપી જેન્તીભાઈ નાયક રહેવાસી ગોધરાનાઓ ત્યાંથી ભાગતો હતો અને તેને કેનાલથી આગળ ગોધરા રોડ ઉપર તેઓએ પકડી લીધેલ. બનાવ સમયે અંધારૂ હતુ અને બાવળની ઝાડીઓ હતી. જેથી અન્ય કેટલા અને કોણ આરોપીઓ હતા તે તેઓ જોઈ શકેલ નહી. પછી તપાસ કરતા નર્મદા કેનાલ ઉપર કાપેલા થાંભલાના ટુકડાઓ ગોઠવીને મુકી રાખેલ હતા અને

ઓકિસઝન કટર પણ ત્યાં મળી આવેલ. જે તેઓએ કબજે કર્યા અને પો.સ્ટે. આવી સરકાર તરફે તેઓએ ફરિયાદ આપેલી. તેઓને ઝેરોક્ષ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. સદર ઝેરોક્ષ ફરીયાદ રજૂ દાખલ આંક– ૧૯ આપવામાં આવે છે. આરોપીને જોયે ઓળખે છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય, ચાર્જશીટ દાખલ કરેલી.

બચાવપક્ષ તરફે સીઆરપીસીની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**પુરાવાનું મુલ્યાંકન:–**

(૨૧) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં, ફરિયાદીએ તેમની જુબાનીમાં ચોરી થયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ આ ચોરી તેઓએ નજરોનજર જોયેલ નથી. આરોપી ભાગતો હોય તેને પાછળથી પકડેલ. જેથી આ આરોપીએ જ ચોરી કરી હોય તેવું માની શકાય નહી. વધુમાં, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત મુજબ, તપાસ નિષ્પક્ષ અને પૂર્વગ્રહમુક્ત હોવી અનિવાર્ય છે. પ્રસ્તુત કેસમાં ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર (I.O.) એક જ વ્યક્તિ હોવાનું રેકોર્ડ પરથી જણાય છે. જોકે નામદાર સુપ્રીમ કોર્ટના **મુકેશ સિંઘ વિરૂધ્ધ સ્ટેટ (NCB) (2020) 10 SCC 120** ના ચુકાદા મુજબ, માત્ર આ એક કારણસર પ્રોસિક્યુશનનો કેસ રદ કરી શકાતો નથી, પરંતુ આવી પરિસ્થિતિમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે વધુ સાવધ રહેવું જરૂરી બને છે. જ્યારે તપાસ કરનાર અમલદાર પોતે જ ફરિયાદી હોય, ત્યારે તેમની જુબાનીને અન્ય સ્વતંત્ર પુરાવાઓથી સમર્થન મળવું આવશ્યક છે. આ કેસમાં પંચ સાક્ષીઓ અને અન્ય સ્વતંત્ર સાહેદો પોતાની જુબાનીમાં ફરી ગયેલ છે અને કોઈ પણ પંચનામાને સમર્થન આપેલ નથી. આમ, તપાસમાં પૂર્વગ્રહ હોવાની શક્યતા અને તટસ્થ સાહેદોના અભાવ હોવાને

કારણે, માત્ર તપાસ કરનારની જુબાનીને કેસનું સંપૂર્ણ સત્ય માની શકાય નહી. આમ, ફરીયાદપક્ષ આ કામે કરવામાં આવેલ પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. એ વાત ખરી છે કે, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ નથી, પરંતુ આરોપી વિરુધ્ધ જઇ શકે તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી કેસને પેન્ડીંગ રાખવામાં આવે તો પણ કોઇ ફળદાયી પરિણામ મળી શકે તેમ નથી. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આ કામે ચોરી થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે, પરંતુ સદરહું ચોરી આ કામના આરોપી ધ્વારા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. વધુમાં નામદાર, **ગુજરાત હાઈકોર્ટ પ્રભાભાઈ સેઘાભાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાત,૧૯૮૬(૩) ક્રાઈમ્સ પાના નં.૨૪૮, ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,** જયાં સચ્ચાઈની ખાતરી ન થાય ત્યાં તેના ઉપર આધાર રાખી શકાય નહી. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત સિધ્ધાંત છે કે સો ગુનેગાર ભલે છુટી જાય પરંતુ કોઈ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઈએ નહી. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતા આરોપી ઉપર ગુનો કર્યા અંગેની શંકા ઉદભવે છે પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ શંકા કાનૂની પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. **વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *Kailash Gaur V/s State of Aasam A.I.R. 2012 SC 786* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો જોતા પેરા.૨૮ માં** એમ જણાવેલ છે કેઃ–

“28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused ‘ may have committed the offence’ and ‘must have committed the offence’ which must be

traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State Of Mahrashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this court observed : " Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."

**(૨૨)** સદર ગુનામાં આ આરોપી વિરૂધ્ધ આ ગુનાના કામે સંડોવાતો એક પણ પુરાવો રજુ થયેલ નથી તથા આ ગુનામાં આરોપી સંડોવાયેલ છે કે કેમ તેવી લેશમાત્ર હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી.

**(૨૩)** ફરિયાદપક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. જયારે ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ તેમજ આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ફરિયાદપક્ષ પુરવાર ન કરે તો ચોકકસ બચાવપક્ષને લાભ મળે. વળી ફોજદારી પ્રક્રિયાનો પ્રાંરભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામા આવે છે સાથે સાથે બચાવપક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સાહેદ સોંગદ પર સત્ય હકીકત જણાવે છે તેવુ અનુમાન પણ હાલના તબકકે અદાલતે કરવાનુ હોય છે તે પણ નોંધવુ જરૂરી છે.

**(૨૪)** આમ, ફરિયાદપક્ષનો પુરાવો જોઈએ તો પ્રસ્તુત કેસમાં ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર એક જ વ્યક્તિ હોવાનું રેકર્ડ પરથી જણાય છે. જોકે, માત્ર આ કારણસર ફરિયાદ પક્ષનો કેસ રદ કરી શકાય નહીં, પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટના મુકેશ સિંઘ વિરુદ્ધ સ્ટેટના ચુકાદા મુજબ, આવી પરિસ્થિતિમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે કોર્ટે વધુ સાવધ રહેવું જરૂરી છે. તપાસ કરનાર અમલદારની પોતાની જુબાનીને અન્ય સ્વતંત્ર પુરાવાઓથી સમર્થન મળતું નથી, અને બચાવ પક્ષ એવું દર્શાવવામાં સફળ રહ્યો છે કે તપાસમાં પૂર્વગ્રહ રાખવામાં આવ્યો છે. આથી, માત્ર તપાસ કરનારની જુબાનીને કેસનું સંપૂર્ણ સત્ય માની શકાય નહીં. તેમજ પંચનામાના પંચસાહેદો અને અન્ય સાહેદો થકી ફરિયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવા પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપી તુલસીપુરા–વચ્છેસર વચ્ચે નર્મદા કેનાલ ઉપર તા.૧૫/૦૭/૨૦૦૪ ક.૩/૦૦ વાગ્યે ઈલેક્ટ્રિકના લોખંડના થાંભલાના ૧૮ ટૂકડા તથા ગેસ કટર બોટલ મળી કુલ રૂા. ૩૦,૦૦૦/–ની ચોરી કરી નાસતા ફરતા તા.૨૮/૦૭/૨૦૧૭ના રોજ પકડાઇ જઇ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી તેવું આ અદાલતનું માનવુ હોઈ આ અદાલત મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમા**'' ઠરાવી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

ર) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૩(૬) મુજબ આ ચુકાદો

આરોપીની ગેરહાજરીમાં જાહેર કરેલ છે તેથી અપીલ સમય સુધીના જામીન લેવા સંબંધે કોઈ આદેશ નથી.

૩) આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૬, માહે – માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખઃ ૦૬–૦૩–૨૦૨૬<br>સ્થળઃ ડેસર, વડોદરા | **(કુ. પૂજા રાઠોર)**<br>**Code No.GJ-01625**<br>**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**<br>**મુ.ડેસર, જિ. વડોદરા** |

**(K.V.V.)**